બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઈ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ (સી.ફા.)
સચિવાલય,ગાંધીનગર
તા.04/03/૨૦૧૭

વંચાણમાં લીધાઃ-

(૧) ભારત સરકારનો બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ(આરટીઈ એકટ), ૨૦૦૯

(૨) શિક્ષણ વિભાગના તા.૧૮/૨/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૪/પીઆરઈ/ ૧૨૨૦૧૦/જીઓઆઈ/ક

(૩) શિક્ષણ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંકઃજીએચએચ/એસએચ/૪/પીઆરઈ/ ૧૨૨૦૧૦/જીઓઆઈ-૧૦/ક

(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃખપશ/૧૦૨૦૧૨/૭૨૭૬૪૬/ચ તા.૨૩/૦૫/૨૦૧૩

આમુખઃ-

બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જુથના બાળકોને બિન- અનુદાનિત પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિનિયમ-૨૦૦૯ તથા ગુજરાત બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકારના નિયમો-૨૦૧૨ની ઉપર્યુકત જોગવાઈના અમલીકરણ માટે વંચાણે લીધેલ ક્રમ નંબર-૪ સામેના ઠરાવથી પ્રવેશ અંગેની કાર્યવિધિ ઠરાવવામાં આવેલ છે. ઉપર્યુકત ઠરાવની કલમ-૪ (ગ) મુજબ વિના મૂલ્યે બેઠકો સામે પ્રવેશની રીત અને અગ્રતાક્રમ ૧ થી ૧૦ નક્કી કરવામાં આવેલ છે. જેમાં બિન-અનામત કક્ષાના બાળકોનો સમાવેશ થતો ન હતો. આર.ટી.ઈ.એકટની જોગવાઈ મુજબ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાનો છે. આથી, ઓછી આવક ધરાવતા બિન-અનામત વર્ગના વાલીઓના બાળકોને પણ આ યોજના હેઠળ પ્રવેશ મળવો જોઈએ એવી સરકારશ્રીને મળેલ રજુઆતો વાજબી જણાયેલ હતી અને આ બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે શિક્ષણ વિભાગના ક્રમાંક -૪ સામે વંચાણે લીધેલ તા.૨૩/૫/૨૦૧૩ના ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(P.T.O.)

સદર ઠરાવના પેરા ૪ માં (ગ) (૧૦) પછી નીચે મુજબની વિગતો વંચાણે લેવાની રહેશે:-

"(૧૧) ઉપર ૧ થી ૧૦ માં દર્શાવેલ અગ્રતા મુજબ ઉપલબ્ધ બાળકોને પ્રવેશ આપ્યા બાદ જો જગા ખાલી રહેતી હોય તો તેવા કિસ્સામાં સામાન્ય કેટેગરીના (બિન અનામત વર્ગના) વાલી કે જેઓની વાર્ષિક આવક શહેરી વિસ્તારમાં રૂ. ૬૮૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૪૭૦૦૦/- કે તેથી ઓછી હોય તેમના બાળકોને પ્રવેશ આપી શકાશે."

આ અંગેની અન્ય જોગવાઇઓ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૩/૫/૨૦૧૩ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.ટી.મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા./ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટર ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ (પ્રા.શિ. નિયામકશ્રી મારફત).
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ) (પ્રા.શિ. નિયામકશ્રી મારફત).
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ) (પ્રા.શિ. નિયામકશ્રી મારફત).
- શાસનાધિકારીશ્રી (તમામ) (પ્રા.શિ. નિયામકશ્રી મારફત).
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત).
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ. નિયામકશ્રી મારફત).
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ GSWAN પર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ / નાયબ સેક્શન અધિકારી, ચ- શાખા.